रेलवे भर्ती बोर्ड | RAILWAY RECRUITMENT BOARD

सीईएन ०१/२०२६ सहायक लोको पायलट (एएलपी) के पद पर भर्ती

CEN 01/2026 Recruitment of Assistant Loco Pilot (ALP)

Test Date	05/11/2026
Test Time	9:00 AM - 10:00 AM
Subject	RRB ALP 2026 CBT 1

*** Note**
Correct Answer will carry 1 mark per Question.
Incorrect Answer will carry 1/3 Negative mark per Question.

1. Options shown in green color with a tick icon are correct.
2. Chosen option on the right of the question indicates the option selected by the candidate.

Section : **RRB ALP**

Q.1 બે સંખ્યાઓનો ગુ.સા.અ. (HCF) અને લ.સા.અ. (LCM) અનુક્રમે 48 અને 576 છે. જો તેમાંની એક સંખ્યા 192 હોય, તો બીજી સંખ્યા શોધો.

Ans
- ✗ A. 143
- ✗ B. 141
- ✓ C. 144
- ✗ D. 136

Q.2 નીચે આપેલી શ્રેણીને તાર્કિક રીતે પૂર્ણ કરવા માટે વિકલ્પોમાંથી કયો અક્ષર-સંખ્યા સમૂહ પ્રશ્નચિહ્ન (?) ના સ્થાને આવશે?

PHL 2 MJJ -4 JLH 8 GNF -16 ?

Ans
- ✗ A. GYT 35
- ✗ B. GHY 67
- ✓ C. DPD 32
- ✗ D. FRE 34

Q.3 છ મિત્રોના એક જૂથે બપોરના ભોજન પર આપેલ મુજબની રકમ ખર્ચ કરી: ₹120, ₹135, ₹145, ₹150, ₹125, અને x. જો તેમનો સરેરાશ ખર્ચ ₹140 હતો, તો x ની કિંમત શું હશે?

Ans
- ✗ A. ₹170
- ✓ B. ₹165
- ✗ C. ₹155
- ✗ D. ₹160

Q.4 P, Q, R, S, T, U અને V પૈકી દરેકની પરીક્ષા એક જ અઠવાડિયાના સોમવારથી શરૂ કરીને તે જ અઠવાડિયાના રવિવારે પૂરા થતા અલગ-અલગ દિવસે છે. V ની પરીક્ષા ગુરુવારે છે. V અને P ની વચ્ચે માત્ર એક જ વ્યક્તિની પરીક્ષા છે. Q ની પરીક્ષા P ના તરત પછીના દિવસે છે પરંતુ રવિવારે નથી. U ની પરીક્ષા V ના તરત પછીના દિવસે છે. S ની પરીક્ષા T ના તરત પહેલાના દિવસે છે. P ની પરીક્ષા R ના તરત પછીના દિવસે છે.
આપેલી ગોઠવણીમાં એક યોક્કસ તર્કને અનુસરીને, Q નો સંબંધ બુધવાર સાથે છે અને તે જ રીતે S નો સંબંધ શનિવાર સાથે છે. તો તે જ તર્ક મુજબ T નો સંબંધ નીચેનામાંથી કયા દિવસ સાથે હશે?

Ans
- ✗ A. સોમવાર
- ✗ B. મંગળવાર
- ✗ C. શુક્રવાર
- ✓ D. રવિવાર

Q.5 રધરફોર્ડના પ્રયોગના કયા અવલોકન પરથી એવું તારણ નીકળ્યું કે પરમાણુનો મોટાભાગનો ભાગ ખાલી અવકાશ (જગ્યા) છે?

Ans

✗ A. આલ્ફા કણો સોનાના વરખ દ્વારા સંપૂર્ણપણે શોષાઈ ગયા હતા.

✗ B. થોડાક જ આલ્ફા કણો વરખ પરથી અથડાઈને પાછા ફર્યા.

✗ C. ઇલેક્ટ્રોન્સ પરિભ્રમણ દરમિયાન પ્રકાશનું ઉત્સર્જન કરતા હતા.

✓ D. મોટાભાગના આલ્ફા કણો વરખમાંથી સીધેસીધા પસાર થઈ ગયા.

Q.6 જો 'A' નો અર્થ '÷' થાય, 'B' નો અર્થ 'x' થાય, 'C' નો અર્થ '+' અને 'D' નો અર્થ '-' થાય, તો નીચેના સમીકરણમાં પ્રશ્નચિહ્ન (?) ના સ્થાને શું આવશે?
17 D 6 B 4 C 49 A 7 = ?

Ans

✗ A. 12

✗ B. 7

✓ C. 0

✗ D. 4

Q.7 જ્યારે વધુ પ્રક્રિયાશીલ ધાતુ ઓછી પ્રક્રિયાશીલ ધાતુના ક્ષારના દ્રાવણ સાથે પ્રક્રિયા કરે છે, તો તેમાં કયા પ્રકારની પ્રક્રિયા થશે?

Ans

✗ A. યોગશીલ (addition)

✗ B. પુનર્વિન્યાસ (rearrangement)

✗ C. પ્રતિસ્થાપન (substitution)

✓ D. વિસ્થાપન (Displacement)

Q.8 જો 'A' નો અર્થ '÷', 'B' નો અર્થ '×', 'C' નો અર્થ '+' અને 'D' નો અર્થ '−' થાય, તો નીચે આપેલા સમીકરણમાં પ્રશ્નચિહ્ન (?) ના સ્થાને શું આવશે?
9 B 3 D 21 A 3 C 2 = ? D 8

Ans

✗ A. 34

✓ B. 30

✗ C. 32

✗ D. 33

Q.9 સાત વ્યક્તિઓ, A, B, C, D, E, F અને G એક હરોળમાં ઉત્તર તરફ મુખ રાખીને બેસે છે. E ની જમણી બાજુએ માત્ર ચાર લોકો બેસે છે. F ની ડાબી બાજુએ માત્ર ચાર લોકો બેસે છે. G એ C અને E ની તરત જ બાજુમાં બેસે છે. B એ D ની ડાબી બાજુએ ત્રીજા સ્થાને બેસે છે. તો A અને E ની વચ્ચે કેટલા લોકો બેસે છે?

Ans

✗ A. એક

✗ B. ચાર

✓ C. બે

✗ D. ત્રણ

Q.10 એક પ્રશ્ન પછી (I) અને (II) થી ક્રમાંકિત બે વિધાનો આપવામાં આવ્યા છે. તમારે નક્કી કરવાનું છે કે વિધાનોમાં આપેલી માહિતી એ પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે કે નહીં. બંને વિધાનોને વાંચીને સૌથી યોગ્ય જવાબ પસંદ કરો.
અલગ-અલગ ઊંચાઈ ધરાવતા 5 થાંભલાઓ W, O, K, G અને Y પૈકી, કયો થાંભલો સૌથી નીચો છે?
(I) W એ O કરતાં નીચો છે પરંતુ K કરતાં ઊંચો છે.
(II) W એ Y કરતાં નીચો છે. G એ K કરતાં ઊંચો છે.

Ans

✗ A. વિધાન (I) અને (II) માં આપેલી માહિતીને એકસાથે લેતા તે પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી નથી.

✗ B. વિધાન (II) માં આપેલી માહિતી એકલી જ પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે, જ્યારે કે વિધાન (I) માં આપેલી માહિતી પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી નથી.

✗ C. *વિધાન (I) માં આપેલી માહિતી એકલી જ પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે, જ્યારે કે વિધાન (II) માં આપેલી માહિતી પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી નથી.*

✓ D. વિધાન (I) અને (II) માં આપેલી માહિતીને એકસાથે લેતા (અને વિધાન I અથવા વિધાન II ની માહિતીને એકલી રીતે ધ્યાનમાં ન લેતા) તે પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે.

Q.11 આ પ્રશ્ન નીચે આપેલી ત્રણ-અંકની પાંચ સંખ્યાઓ પર આધારિત છે.

(ડાબી બાજુ) 214 359 369 741 846 (જમણી બાજુ)

(ઉદાહરણ: 697 – પહેલો અંક = 6, બીજો અંક = 9 અને ત્રીજો અંક = 7)
(નોંધ: બધી સંક્રિયાઓ (ઓપરેશન્સ) ડાબેથી જમણે કરવાની છે.)

જો સૌથી મોટી સંખ્યાના બીજા અંકને સૌથી નાની સંખ્યાના બીજા અંકમાં ઉમેરવામાં આવે તો શું પરિણામ આવશે?

Ans
- ✔ A. 5
- ✘ B. 8
- ✘ C. 15
- ✘ D. 9

Q.12 નીચે આપેલી શ્રેણીમાં પ્રશ્નચિહ્ન (?) ના સ્થાને શું આવવું જોઈએ?

6, 12, 24, 48, ?

Ans
- ✔ A. 96
- ✘ B. 90
- ✘ C. 98
- ✘ D. 102

Q.13 એક ચોક્કસ તર્કને અનુસરતા 9 એ 83 સાથે સંબંધિત છે. સમાન તર્કને અનુસરતા 16 એ 258 સાથે સંબંધિત છે. આ જ તર્કને અનુસરીને 3 એ નીચેનામાંથી કયા વિકલ્પ સાથે સંબંધિત છે?
(નોંધ: સંખ્યાઓને તેમના ઘટક અંકોમાં વિભાજીત કર્યા વિના, પૂર્ણ સંખ્યાઓ પર ક્રિયાઓ (Operations) કરવાની રહેશે. દા.ત. 13 લો – 13 આ સંખ્યા પર ક્રિયાઓ જેમ કે 13 માં સરવાળો/ બાદબાકી/ ગુણાકાર વગેરે પૂર્ણ 13 પર કરી શકાય છે.
13 ને 1 અને 3 માં વિભાજિત કરીને ત્યારબાદ 1 અને 3 પર ગાણિતિક ક્રિયાઓ કરવાની છૂટ નથી.)

Ans
- ✔ A. 11
- ✘ B. 15
- ✘ C. 13
- ✘ D. 7

Q.14 સાત લોકો, E, F, G, H, W, X અને Y, એક વર્તુળાકાર મેજની ફરતે તેના કેન્દ્ર તરફ મુખ રાખીને બેસે છે. E એ F ની ડાબી બાજુ ત્રીજા સ્થાને બેસે છે. W ની ડાબી બાજુથી ગણતરી કરવામાં આવે ત્યારે F અને W ની વચ્ચે ફક્ત એક જ વ્યક્તિ બેસે છે. H ની જમણી બાજુથી ગણતરી કરવામાં આવે ત્યારે Y અને H ની વચ્ચે ફક્ત બે જ લોકો બેસે છે. X એ Y ની તરત જ બાજુમાં બેસે છે. G ની તરત જ ડાબી બાજુ અને તરત જ જમણી બાજુ અનુક્રમે કોણ બેસે છે?

Ans
- ✘ A. F અને X
- ✘ B. H અને F
- ✔ C. F અને W
- ✘ D. X અને W

Q.15 એક દુકાનદાર શર્ટને તેની પડતર કિંમત કરતાં 50% વધુ પર ચિહ્નિત કરે છે. પછી તે ચિહ્નિત કિંમત પર 10% અને 20% ના સતત બે ડિસ્કાઉન્ટ આપે છે. જો અંતિમ વેચાણ કિંમત ₹432 હોય, તો શર્ટની મૂળ પડતર કિંમત કેટલી હતી?

Ans
- ✘ A. ₹320
- ✘ B. ₹280
- ✔ C. ₹400
- ✘ D. ₹360

Q.16 રિઝવાન બિંદુ A થી ડ્રાઇવ કરવાનું શરૂ કરે છે અને પૂર્વ તરફ 37 km ડ્રાઇવ કરે છે. તે પછી જમણો વળાંક લે છે અને 14 km ડ્રાઇવ કરે છે, પછી જમણો વળાંક લે છે અને 58 km ડ્રાઇવ કરે છે. તે પછી એક જમણો વળાંક લે છે અને 31 km ડ્રાઇવ કરે છે. તે છેલ્લો જમણો વળાંક લે છે, 21 km ડ્રાઇવ કરે છે અને બિંદુ P પર અટકે છે. તો બિંદુ A પર ફરીથી પહોંચવા માટે તેણે કેટલું દૂર (સૌથી ટૂંકું અંતર) અને કઈ દિશામાં ડ્રાઇવ કરવું જોઈએ? (જ્યાં સુધી સ્પષ્ટ કરવામાં ન આવે ત્યાં સુધી, તમામ વળાંકો માત્ર 90 ડિગ્રીના જ રહેશે.)

Ans

✗ A. 16 km ઉત્તર તરફ

✓ B. 17 km દક્ષિણ તરફ

✗ C. 14 km દક્ષિણ તરફ

✗ D. 15 km દક્ષિણ તરફ

Q.17 જો SCRAMBLE શબ્દના દરેક અક્ષરને અંગ્રેજી મૂળાક્ષરોના ક્રમમાં ગોઠવવામાં આવે, તો કેટલા અક્ષરોનું સ્થાન યથાવત રહેશે?

Ans

✗ A. બે

✓ B.
એક પણ નહીં

✗ C. એક

✗ D. ત્રણ

Q.18 નીચે આપેલી અક્ષર અને પ્રતીક શ્રેણીનો સંદર્ભ લો અને પ્રશ્નનો જવાબ આપો. ગણતરી ફક્ત ડાબીથી જમણી તરફ જ કરવાની છે.
(ડાબી બાજુ) T © * Q L @ M $ I B A © & J © O © & N £ I © (જમણી બાજુ)
એવા કેટલા અક્ષરો છે, જે દરેકની તરત પહેલાં એક અક્ષર આવે છે અને તરત પછી પણ એક અક્ષર આવે છે?

Ans

✗ A. 2

✗ B. 0

✓ C. 1

✗ D. 3

Q.19 વિકલ્પોમાંથી તે જોડીને પસંદ કરો જે એ જ પેટર્નને અનુસરે છે જે નીચે આપેલી બે જોડીઓ દ્વારા અનુસરવામાં આવે છે. બંને જોડીઓ સમાન પેટર્નને અનુસરે છે.

BOA : XQW
TSS : PUO

Ans

✗ A. DWP : AYM

✗ B. KTO : HWL

✓ C. LWK : HYG

✗ D. YGD : WKB

Q.20 નીચે આપેલ શ્રેણીમાં '?' ના સ્થાને શું આવવું જોઈએ?

62 63 65 69 77 ?

Ans

✓ A. 93

✗ B. 91

✗ C. 95

✗ D. 97

Q.21 એક બિલાડી બગીચામાં બે અલગ અલગ તબક્કામાં દોડે છે. પ્રથમ તબક્કામાં, તે 70 ડગલાં ભરે છે, જેમાં પ્રત્યેક ડગલું 0.4 મીટરનું છે. બીજા તબક્કામાં તે પોતાની ઝડપ વધારે છે અને 56 ડગલાં ભરે છે, જેમાં પ્રત્યેક ડગલું 0.5 મીટરનું છે. જો બિલાડી દરેક તબક્કા માટે એકસરખો સમય (14 સેકન્ડ) લેતી હોય, તો તેની સમગ્ર દોડ દરમિયાન સરેરાશ ઝડપ કેટલી હશે?

Ans

✗ A. 4 m/s

✓ B. 2 m/s

✗ C. 1 m/s

✗ D. 5 m/s

Blackbook

Q.22 નીચેનામાંથી કયું વિધાન સાચું છે?

Ans

✔ A. વધુ નિરપેક્ષ વક્રીભવનાંક ધરાવતું માધ્યમ એ ઓપ્ટિકલ રીતે ઘટ્ટ માધ્યમ છે.

✘ B. વધુ નિરપેક્ષ વક્રીભવનાંક (absolute refractive index) ધરાવતું માધ્યમ એ ઓપ્ટિકલ રીતે પાતળું (rarer) માધ્યમ છે.

✘ C. ઓછો નિરપેક્ષ વક્રીભવનાંક ધરાવતું માધ્યમ એ ઓપ્ટિકલ રીતે ઘટ્ટ (denser) માધ્યમ છે.

✘ D. નિરપેક્ષ વક્રીભવનાંકને ઓપ્ટિકલ ઘનતા સાથે કોઈ સંબંધ નથી.

Q.23 એક કારના રેડિએટરમાં 51% એન્ટિફ્રીઝનું દ્રાવણ હોવું જોઈએ. એક મોટરચાલક પાસે 23% એન્ટિફ્રીઝ ધરાવતું 9 લિટર દ્રાવણ છે. 51% એન્ટિફ્રીઝનું દ્રાવણ બનાવવા માટે તેણે તેના દ્રાવણમાં 97% એન્ટિફ્રીઝ ધરાવતું કેટલા લિટર (બે દશાંશ સ્થાન સુધી) પ્રવાહી ઉમેરવું જોઈએ?

Ans

✘ A. 6.94

✔ B. 5.48

✘ C. 4.18

✘ D. 10.39

Q.24 અંગ્રેજી મૂળાક્ષરોના ક્રમના આધારે, નીચે આપેલી ચાર અક્ષર-સમૂહ જોડીઓમાંથી ત્રણ અમુક ચોક્કસ રીતે સમાન છે અને તેથી એક જૂથ બનાવે છે. તો કઈ અક્ષર-સમૂહ જોડી તે જૂથ સાથે સંબંધિત નથી? (નોંધ: અલગ પડતી અક્ષર-સમૂહ જોડી વ્યંજનો/સ્વરોની સંખ્યા અથવા અક્ષર સમૂહમાં તેમની સ્થિતિ/સ્થાન પર આધારિત નથી.)

Ans

✘ A. EA – VR

✔ B. LH – CZ

✘ C. IE – ZV

✘ D. TP – KG

Q.25 અંગ્રેજી મૂળાક્ષરોના ક્રમના આધારે **CYUW** એક ચોક્કસ રીતે **YUQS** સાથે સંબંધિત છે. તે જ રીતે, **OKGI** એ **KGCE** સાથે સંબંધિત છે. તો આ સમાન તર્કને અનુસરીને, **IEAC** નીચેનામાંથી કયા વિકલ્પ સાથે સંબંધિત છે?

Ans

✘ A. EZVY

✘ B. EAVY

✘ C. EBVB

✔ D. EAWY

Q.26 બે ધ્વનિઓની પીચ અને પ્રબળતા (loudness) સમાન છે, પરંતુ એક વધુ સુખદ (કર્ણપ્રિય) છે. કઈ લાક્ષણિકતા આપણને તેમની વચ્ચેનો તફાવત પારખવામાં મદદ કરે છે?

Ans

✘ A. આવૃત્તિ

✔ B. ગુણવત્તા અથવા ટિંબર

✘ C. કંપવિસ્તાર

✘ D. તરંગલંબાઈ

Q.27 એક નળ એક ટાંકીને 9 કલાકમાં ભરી શકે છે. જ્યારે બીજો નળ તે સંપૂર્ણ ભરેલી ટાંકીને 12 કલાકમાં ખાલી કરી શકે છે. જો શરૂઆતમાં ટાંકી સાવ ખાલી હોય અને બંને નળ એકસાથે ખોલવામાં આવે, તો ટાંકીનો અડધો ભાગ ભરાતા કેટલો સમય (કલાકમાં) લાગશે?

Ans

✔ A. 18

✘ B. 36

✘ C. 19

✘ D. 38

Q.28 નીચેનામાંથી કઈ સંખ્યા 47 અને 21 બંને વડે વિભાજ્ય છે?

Ans

✘ A. 49923

✔ B. 48363

✘ C. 47390

✘ D. 46676

blackbook

Q.29 કોઈ ચોક્કસ રકમ પર 12% વાર્ષિક વ્યાજના દરે 2 વર્ષ માટેના ચક્રવૃદ્ધિ વ્યાજ (વાર્ષિક રીતે ચક્રવૃદ્ધિ પામતું) અને સાદા વ્યાજ વચ્ચેનો તફાવત ₹57.60 છે. તો તે રકમ શોધો.

Ans
- ✗ A. ₹3,500
- ✗ B. ₹3000
- ✗ C. ₹4500
- ✓ D. ₹4000

Q.30 વિદ્યાર્થીઓના જૂથ દ્વારા પ્રાપ્ત પોકેટ મનીની રકમ (₹ માં) નીચે મુજબ છે: 400, 600, 400, 800, 600, 400, 1000. આ ડેટાનો બહુલક (Mode) કેટલો છે?

Ans
- ✓ A. ₹400
- ✗ B. ₹600
- ✗ C. ₹1000
- ✗ D. ₹800

Q.31 લંબવૃત્તીય શંકુનો વ્યાસ 14 m અને તેની તિર્યક ઊંચાઈ 11 m છે. તેનું ઘનફળ શોધો.
($\pi = \frac{22}{7}$ લો)

Ans
- ✗ A. $108\sqrt{2}\ m^3$
- ✗ B. $408\sqrt{2}\ m^3$
- ✓ C. $308\sqrt{2}\ m^3$
- ✗ D. $208\sqrt{2}\ m^3$

Q.32 વિકલ્પોમાંથી કયો અક્ષર-સંખ્યા સમૂહ નીચે આપેલી શ્રેણીને તાર્કિક રીતે પૂર્ણ કરવા માટે પ્રશ્નચિહ્ન (?) ના સ્થાને આવશે?
GDF 8, JGI 13, MJL 18, PMO 23, ?

Ans
- ✗ A. TPR 27
- ✓ B. SPR 28
- ✗ C. TPQ 28
- ✗ D. SPR 27

Q.33 એક દુકાનદાર 60 ડઝન વસ્તુઓ ₹240 પ્રતિ ડઝનના ભાવે ખરીદે છે. તે દરેક વસ્તુ ₹25 માં વેચે છે. તો તેનો નફો ટકાવારીમાં કેટલો હશે?

Ans
- ✗ A. 30%
- ✓ B. 25%
- ✗ C. 20%
- ✗ D. 35%

Q.34 આ પ્રશ્ન નીચે આપેલી ત્રણ-અંકની પાંચ સંખ્યાઓ પર આધારિત છે.
(ડાબી બાજુ) 429 476 483 521 589 (જમણી બાજુ)
(ઉદાહરણ- 697 – પહેલો અંક = 6, બીજો અંક = 9 અને ત્રીજો અંક = 7)
જો બીજી સૌથી મોટી સંખ્યાના બીજા અંકને બીજી સૌથી નાની સંખ્યાના ત્રીજા અંકમાં ઉમેરવામાં આવે, તો શું પરિણામ આવશે?

Ans
- ✗ A. 6
- ✗ B. 9
- ✓ C. 8
- ✗ D. 7

Q.35 આ પ્રશ્નમાં, નીચે આપેલા કોડ અને તેને અનુસરતી શરતો અનુસાર અક્ષર કોડના ઉપયોગથી સંખ્યા/પ્રતીકોના સમૂહને ગોઠવવામાં આવે છે. શરતોને અનુસરતા સંકેતોના સાચા સંયોજન એ તમારો જવાબ છે. જો કોઈ શરતો અનુસરતી ન હોય, તો સંબંધિત સંખ્યા/પ્રતીક માટેના કોડને કોષ્ટકમાં આપેલા મુજબ સીધા જ અનુસરવાના છે

સંખ્યા/પ્રતીક	+	&	!	@	7	8	9	*	4	$
કોડ (Code)	P	Z	F	K	U	X	Q	Y	I	A

શરતો –
(i) જો પ્રથમ તત્વ એક પ્રતીક છે અને છેલ્લું તત્વ એક સંખ્યા છે, તો પ્રથમ અને છેલ્લા તત્વોના કોડને પરસ્પર બદલો.
(ii) જો બીજા અને ત્રીજા તત્વો એકી સંખ્યાઓ હોય, તો ત્રીજા તત્વને બીજાના તત્વના કોડ તરીકે અંકિત કરો.
(iii) જો ચોથું તત્વ એક પ્રતીક છે અને પાંચમું તત્વ એક સંખ્યા છે, તો ચોથા અને પાંચમા તત્વોનો કોડ © રાખો.

9&!@7 નો કોડ શું છે?

Ans
- ✗ A. IZFKU
- ✓ B. QZF©©
- ✗ C. PZA©©
- ✗ D. UYFKQ

Q.36 **જો 'A' નો અર્થ '÷' થાય, 'B' નો અર્થ 'x' થાય, 'C' નો અર્થ '+' અને 'D' નો અર્થ '-' થાય, તો નીચેના સમીકરણમાં પ્રશ્નચિહ્ન (?) ના સ્થાને શું આવશે?**
23 D 10 B 3 C 112 A 4 = ?

Ans
- ✗ A. 14
- ✗ B. 17
- ✓ C. 21
- ✗ D. 20

Q.37 **નીચેના માપદંડોને સાચા વર્ણન સાથે જોડો.**

વર્ગીકરણના માપદંડો	વર્ણન
I). પોષણ પદ્ધતિ	A) કોષદીવાલની હાજરી અથવા ગેરહાજરી
II). નિવસનતંત્રીય ભૂમિકા	B) સ્વયંપોષી અથવા પરપોષી
III). કોષીય રચના	C) ઉત્પાદક, ઉપભોક્તા અથવા વિઘટક

Ans
- ✗ A. I -A, II-B, III-C
- ✗ B. I-A, II-C, III-B
- ✗ C. I-C, II-B, III-A
- ✓ D. I-B, II-C, III-A

Q.38 **$(2pq + 7q)^2 - (2pq - 7q)^2$ નું સાદું રૂપ આપો.**

Ans
- ✓ A. $56pq^2$
- ✗ B. $28p^2q^2$
- ✗ C. $28pq^2$
- ✗ D. $56p^2q$

Q.39 **માનવ પોઈન્ટ A થી ડ્રાઇવ કરવાનું શરૂ કરે છે છે અને પૂર્વ તરફ 11 km વાહન ડ્રાઈવ કરે છે. પછી તે ડાબો વળાંક લે છે, 12 km વાહન ડ્રાઇવ કરે છે, ડાબો વળાંક લે છે અને 13 km વાહન ડ્રાઇવ કરે છે. પછી તે ડાબો વળાંક લે છે અને 18 km વાહન ડ્રાઇવ કરે છે. તે છેલ્લો ડાબો વળાંક લે છે, 2 km વાહન ડ્રાઇવ કરે છે અને પોઈન્ટ P પર અટકે છે. પોઈન્ટ A સુધી ફરીથી પહોંચવા માટે તેણે કેટલું દૂર (સૌથી ઓછું અંતર) અને કઈ દિશામાં ડ્રાઇવ કરવું જોઈએ? (બધા વળાંકો ફક્ત 90 અંશ (ડિગ્રી)ના વળાંકો છે સિવાય કે ઉલ્લેખિત હોય.)**

Ans
- ✓ A. 6 km ઉત્તર તરફ
- ✗ B. 4 km દક્ષિણ તરફ
- ✗ C. 5 km દક્ષિણ તરફ
- ✗ D. 4 km ઉત્તર તરફ

Black book

Q.40 જો '+' નો અર્થ '−', '−' નો અર્થ '×', '×' નો અર્થ '÷', '÷' નો અર્થ '+' હોય, તો નીચેના સમીકરણમાં પ્રશ્નચિહ્ન (?) ના સ્થાને શું આવશે?

39 ÷ 24 × 3 − 5 + 19 = ?

Ans
- ✗ A. 62
- ✓ B. 60
- ✗ C. 64
- ✗ D. 58

Q.41 જો **2x + 5y = 18** અને **2x − 5y = 2** હોય, તો **xy** નું મૂલ્ય શોધો.

Ans
- ✗ A. 12
- ✗ B. 9
- ✗ C. 16
- ✓ D. 8

Q.42 આ પ્રશ્નમાં, નીચે આપેલા કોડ અને ત્યારબાદની શરતો અનુસાર અક્ષર કોડનો ઉપયોગ કરીને સંખ્યા/પ્રતીકના જૂથને કોડ કરવામાં આવ્યો છે. શરતોને અનુસરતા કોડનું યોગ્ય સંયોજન એ તમારો જવાબ છે. જો કોઈ પણ શરતો અનુસરતી નથી, તો સંબંધિત સંખ્યા/પ્રતીક માટેના કોડ કોષ્ટકમાં આપેલા મુજબ સીધા જ અનુસરવાના છે.

સંખ્યા/પ્રતીક $ 7 3 + 8 # @ 5 ! &

કોડ SHUE TAQ WJB

શરતો –
(i) જો પ્રથમ ઘટક એક પ્રતીક છે અને છેલ્લું ઘટક એક સંખ્યા છે, તો પ્રથમ અને છેલ્લા ઘટકોના કોડની અદલાબદલી કરો.
(ii) જો બીજા અને ત્રીજા ઘટકો એકી સંખ્યાઓ હોય, તો ત્રીજા ઘટકને બીજા ઘટકના કોડ તરીકે કોડ કરો.
(iii) જો ચોથું ઘટક એક પ્રતીક છે અને પાંચમું ઘટક એક સંખ્યા છે, તો બંને ઘટકોને © તરીકે કોડ કરો.

સંખ્યા-પ્રતીકોના નીચેના સમૂહ માટેનો કોડ શું છે?
$ 7 3 + #

Ans
- ✓ A. SHHEA
- ✗ B. SJUET
- ✗ C. SHUEW
- ✗ D. SHUET

Q.43 જો કોઈ નિશ્ચિત રકમ પર વાર્ષિક ચક્રવૃદ્ધિ વ્યાજ, વાર્ષિક ધોરણે ગણતરી થતા ચક્રવૃદ્ધિ વ્યાજ અને સાદા વ્યાજ વચ્ચેનો તફાવત 10% પ્રતિ વર્ષના દરે 2 વર્ષ માટે ₹21 હોય, તો તે રકમ (મુદ્દલ) શોધો.

Ans
- ✗ A. ₹2,200
- ✓ B. ₹2,100
- ✗ C. ₹2,000
- ✗ D. ₹2,500

Q.44 એક વ્યક્તિએ 4 વર્ષ માટે 10% ના વાર્ષિક સાદા વ્યાજના દરે ₹56,000 નું રોકાણ કર્યું. 4 વર્ષ પછી તેને મળનારી રકમ (₹ માં) શોધો.

Ans
- ✓ A. 78,400
- ✗ B. 79,400
- ✗ C. 80,400
- ✗ D. 81,400

Q.45 ત્રિકોણની બાજુઓ 7, 9 અને x છે. x ના કયા મૂલ્ય માટે ત્રિકોણનું ક્ષેત્રફળ મહત્તમ હશે?

Ans

✔ A. $\sqrt{130}$

✘ B. $\sqrt{120}$

✘ C. $\sqrt{110}$

✘ D. $\sqrt{140}$

Q.46 એક મહિલાની માસિક આવક ₹50,000 છે. તે 25% ભાડા પર, 35% ખોરાક પર અને 20% પરિવહન પર ખર્ચ કરે છે, બાકીની રકમ બચાવે છે. તે દર મહિને કેટલી બચત કરે છે?

Ans

✘ A. ₹15,000

✘ B. ₹12,500

✔ C. ₹10,000

✘ D. ₹8,000

Q.47 વિકલ્પોમાંથી તે જોડીને પસંદ કરો જે એ જ પેટર્નને અનુસરે છે જે નીચે આપેલી બે જોડીઓ દ્વારા અનુસરવામાં આવે છે. બંને જોડીઓ સમાન પેટર્નને અનુસરે છે.
ABF–JKO
DEI–MNR

Ans

✘ A. RRU–ZAE

✔ B. RSW–ABF

✘ C. RSW–ZBE

✘ D. RRU–ABF

Q.48 આ પ્રશ્ન નીચેના શબ્દો પર આધારિત છે
TAP BED LOG FIN
દરેક શબ્દમાં, દરેક સ્વર અંગ્રેજી મૂળાક્ષરોના ક્રમમાં તેના તરત જ પછીના અક્ષર વડે બદલવામાં આવે છે અને દરેક વ્યંજનને અંગ્રેજી મૂળાક્ષરોના ક્રમમાં તેની તરત જ પહેલાના અક્ષર વડે બદલવામાં આવે છે. આ રીતે બનેલા કેટલા અક્ષર-સમૂહોમાં ડાબેથી પહેલા સ્થાને સ્વર હશે?

Ans

✘ A. 4

✘ B. 3

✘ C. 1

✔ D. 2

Q.49 સાત બોક્સ A, B, C, D, E, F અને G ને એક બીજાની ઉપર રાખવામાં આવ્યા છે પરંતુ જરૂરી નથી કે તેમને એ જ ક્રમમાં રાખવામાં આવ્યા હોય. E ની ઉપર ફક્ત ચાર બોક્સ રાખવામાં આવ્યા છે. A ની નીચે ફક્ત ચાર બોક્સ રાખવામાં આવ્યા છે. G ને B ની તરત જ ઉપર પરંતુ E ની નીચે રાખવામાં આવ્યું છે. C ને D ની તરત જ નીચે રાખવામાં આવ્યું છે. તો F અને G ની વચ્ચે કેટલા બોક્સ રાખવામાં આવ્યા છે?

Ans

✘ A. બે

✘ B. ચાર

✔ C. એક

✘ D. ત્રણ

Q.50 નીચે આપેલી શ્રેણીમાં પ્રશ્નચિહ્ન (?) ના સ્થાને શું આવવું જોઈએ?

6 10 15 21 28 36 ?

Ans

✘ A. 43

✘ B. 48

✔ C. 45

✘ D. 47

Blackbook

Q.51 નીચે આપેલી અક્ષર, પ્રતીક શ્રેણીનો સંદર્ભ લો અને તેની નીચે આપેલા પ્રશ્નનો જવાબ આપો.

(ડાબી બાજુ) X G # E A @ $ R & U Ω T £ D H Y (જમણી બાજુ)

જો શ્રેણીમાંથી બધા પ્રતીકો કાઢી નાખવામાં આવે, તો નીચેનામાંથી કયું ડાબી બાજુથી ત્રીજા સ્થાને આવશે?

Ans

✗ A. A

✗ B. G

✓ C. E

✗ D. R

Q.52 **જો ANCHOR શબ્દના દરેક અક્ષરને અંગ્રેજી મૂળાક્ષરોના ક્રમમાં ગોઠવવામાં આવે, તો કેટલા અક્ષરોનું સ્થાન યથાવત રહેશે?**

Ans

✗ A. એક પણ નહીં

✗ B. એક

✗ C. બે

✓ D. ત્રણ

Q.53 **આ પ્રશ્નમાં, નીચે આપેલા કોડ અને ત્યારબાદની શરતો અનુસાર અક્ષર કોડનો ઉપયોગ કરીને સંખ્યા/પ્રતીકના જૂથને કોડ કરવામાં આવ્યો છે. શરતોને અનુસરતા કોડનું યોગ્ય સંયોજન એ તમારો જવાબ છે. જો કોઈ પણ શરતોનું પાલન ન થાય, તો કોષ્ટકમાં આપેલા મુજબ સંબંધિત સંખ્યા/પ્રતીક માટેના કોડ સીધા અનુસરવાના રહેશે.**

સંખ્યા/પ્રતીક # $ 9 7 * 6 % 5 3 8

કોડ (Code) L K A F B J S O H P

શરતો –

(i) જો પ્રથમ ઘટક એક પ્રતીક છે અને અંતિમ ઘટક એક સંખ્યા છે, તો પ્રથમ અને અંતિમ ઘટકો માટેના સંકેતોની અદલાબદલી કરો.

(ii) જો બીજા અને ત્રીજા ઘટકો એકી સંખ્યા હોય, તો ત્રીજા ઘટકને બીજા ઘટકના કોડ તરીકે કોડ કરો.

(iii) જો ચોથું ઘટક એક પ્રતીક છે અને પાંચમું ઘટક એક સંખ્યા છે, તો બંને ઘટકોનો © તરીકે કોડ કરો.

સંખ્યા-પ્રતીકોના નીચેના સમૂહ માટેનો કોડ શું છે?
#$97*

Ans

✗ A. OKAFB

✗ B. LKJFB

✗ C. LKASB

✓ D. LKAFB

Q.54 **આ પ્રશ્નમાં, નીચે આપેલા કોડ અને ત્યારબાદની શરતો અનુસાર અક્ષર કોડનો ઉપયોગ કરીને સંખ્યા/પ્રતીકના જૂથને કોડ કરવામાં આવ્યો છે. શરતોને અનુસરતા કોડનું યોગ્ય સંયોજન એ તમારો જવાબ છે. જો કોઈ પણ શરતો અનુસરતી નથી, તો સંબંધિત સંખ્યા/પ્રતીક માટેના કોડ કોષ્ટકમાં આપેલા મુજબ સીધા જ અનુસરવાના છે.**

સંખ્યા/પ્રતીક $? * & + 7 5 9 ! %

કોડ E D C Y R X T L O I

શરતો –

(i) જો પ્રથમ ઘટક એક પ્રતીક છે અને અંતિમ ઘટક એક સંખ્યા છે, તો પ્રથમ અને અંતિમ ઘટકોના કોડની અદલાબદલી કરો.

(ii) જો બીજા અને ત્રીજા તત્વો એકી સંખ્યાઓ હોય, તો ત્રીજા ઘટકને બીજા ઘટકના કોડ તરીકે કોડ કરો.

(iii) જો ચોથું ઘટક એક પ્રતીક છે અને પાંચમું ઘટક એક સંખ્યા છે, તો બંને ઘટકોને © તરીકે કોડ કરો.

સંખ્યા-પ્રતીકોના નીચેના સમૂહ માટેનો સંકેત શું છે?
$? * & +

Ans

✗ A. EDCOR

✓ B. EDCYR

✗ C. EDLYR

✗ D. TDCYR

blackbook

Q.55 જો $9\sec^2\theta - 6\tan^2\theta = 15$ હોય અને θ એ લઘુકોણ હોય, તો cosecθ નું મૂલ્ય શોધો.

Ans
✗ A. $\sqrt{\frac{2}{3}}$
✗ B. $\frac{3}{\sqrt{2}}$
✗ C. $\frac{2}{\sqrt{3}}$
✓ D. $\sqrt{\frac{3}{2}}$

Q.56 જો 'FIRMEST' શબ્દના દરેક અક્ષરને અંગ્રેજી મૂળાક્ષરોના ક્રમ મુજબ તેની તરત જ પછીના અક્ષરમાં બદલવામાં આવે અને ત્યારબાદ આ રીતે બનેલા તમામ અક્ષરોને અંગ્રેજી મૂળાક્ષરોના ક્રમમાં ગોઠવવામાં આવે, તો નવી બનેલી અક્ષરોની શ્રેણીમાં જમણી બાજુથી ચોથો અક્ષર કયો હશે?

Ans
✗ A. J
✗ B. G
✗ C. S
✓ D. N

Q.57 F, G, H, M, N અને O એક જ ઈમારતના છ અલગ અલગ માળ પર રહે છે. ઈમારતમાં સૌથી નીચેના માળને ક્રમાંક 1, તેની ઉપરના માળને 2 અને તે મુજબ આગળ વધતાં, સૌથી ઉપરના માળનો ક્રમાંક 6 છે. માત્ર O એ F ની ઉપર તરફ રહે છે. H એ F ની લગોલગ નીચે રહે છે. માત્ર G એ N ની નીચે તરફ રહે છે. તો M અને O ની વચ્ચે કેટલા લોકો રહે છે?

Ans
✗ A. ત્રણ
✗ B. ચાર
✗ C. એક
✓ D. બે

Q.58 સ્ત્રી પ્રજનન તંત્રનો નીચે પૈકી કયો ભાગ અંડકોષ ઉત્પન્ન કરવા અને અંતઃસ્રાવ મુક્ત કરવા બંને માટે જવાબદાર છે?

Ans
✓ A. અંડપિંડ (Ovary)
✗ B. અંડવાહિની (Oviduct)
✗ C. ગર્ભાશય (Uterus)
✗ D. ગર્ભાશય ગ્રીવા (Cervix)

Q.59 E, R, T, Y, U અને W એક જ ઈમારતના છ અલગ અલગ માળ પર રહે છે. ઈમારતમાં સૌથી નીચેના માળને 1, તેની ઉપરના માળને 2 અને તે મુજબ ઉપરના માળોને ક્રમાંક આપેલા છે, સૌથી ઉપરના માળનો ક્રમાંક 6 છે.
E એ એકી સંખ્યા ધરાવતા માળ ક્રમાંક પર રહે છે પરંતુ માળ ક્રમાંક 5 પર નહીં. E અને R જે માળ પર રહે છે તે માળોનો સરવાળો 5 છે. R અને W ની વચ્ચે માત્ર 3 લોકો રહે છે. U એ T ની તરત જ ઉપર રહે છે. તો T ની નીચે કેટલા લોકો રહે છે?

Ans
✗ A. 1
✗ B. 4
✗ C. 2
✓ D. 3

Q.60 જો $137^{0.61} = x$, $137^{0.25} = y$ અને $x^z = y^6$ હોય, તો z નું મૂલ્ય શાની સૌથી નજીક હશે?

Ans
✗ A. 2.89
✗ B. 4.48
✗ C. 4.17
✓ D. 2.46

blackbook

Q.61 જ્યારે ગોળાની ત્રિજ્યામાં 0.5 cm નો વધારો થાય છે, ત્યારે તેની સપાટીનું ક્ષેત્રફળ 44 cm^2 વધી જાય છે. ગોળાની મૂળ ત્રિજ્યા શોધો.
($\pi = \frac{22}{7}$ નો ઉપયોગ કરો)

Ans
- ✔ A. 3.25 cm
- ✘ B. 3.5 cm
- ✘ C. 4 cm
- ✘ D. 4.25 cm

Q.62 એક ચોક્કસ તર્કને અનુસરીને 115 એ 226 સાથે સંબંધિત છે. તે સમાન તર્કને અનુસરીને, 219 એ 330 સાથે સંબંધિત છે. આ સમાન તર્કને અનુસરીને, નીચેનામાંથી કયા વિકલ્પ સાથે 306 સંબંધિત છે?
(નોંધ: સંખ્યાઓને તેમના ઘટક અંકોમાં જુદી પાડ્યા વિના, પૂર્ણ સંખ્યાઓ પર ક્રિયાઓ કરવી જોઈએ. દા.ત. 13 લો – 13 પર ક્રિયાઓ જેમ કે 13 માં સરવાળો /બાદબાકી /ગુણાકાર કરી શકાય છે. 13 ને 1 અને 3 માં જુદી પાડીને પછી 1 અને 3 પર ગાણિતિક ક્રિયાઓ કરવાની મંજૂરી નથી.)

Ans
- ✘ A. 421
- ✘ B. 415
- ✔ C. 417
- ✘ D. 419

Q.63 ΔABC માં, DE || AC છે, જ્યાં D અને E એ અનુક્રમે બાજુઓ AB અને BC પરના બિંદુઓ છે. જો BD = 10 cm અને AD = 13 cm હોય, તો ΔBDE ના ક્ષેત્રફળ અને સમલંબ ચતુષ્કોણ ADEC ના ક્ષેત્રફળ વચ્ચેનો ગુણોત્તર કેટલો થાય?

Ans
- ✘ A. 101:430
- ✘ B. 430:101
- ✔ C. 100:429
- ✘ D. 429:100

Q.64 નીચે આપેલા અક્ષર, પ્રતીક શ્રેણીનો સંદર્ભ લો અને પ્રશ્નનો જવાબ આપો. ગણતરી ફક્ત ડાબેથી જમણે કરવાની છે.
(ડાબી બાજુ) T V @$£ ® ® ® ® £R S € N W #% #M N ® $(જમણી બાજુ)
આવા કેટલા અક્ષરો છે, જેમાંના પ્રત્યેકની તરત પહેલાં એક અક્ષર આવે છે અને તરત પછી એક અક્ષર આવે છે? 14812

Ans
- ✘ A. 0
- ✘ B. 2
- ✘ C. 3
- ✔ D. 1

Q.65 જો x એ 0.16 અને 0.64 વચ્ચેનું મધ્યમ (mean) પ્રમાણપદ હોય, તો x નું મૂલ્ય શોધો.

Ans
- ✘ A. 0.48
- ✘ B. 0.40
- ✔ C. 0.32
- ✘ D. 0.24

Q.66 ટ્રકમાં બોક્સ ચઢાવવા માટે ઢાળ (ramp) નો ઉપયોગ કરવામાં આવે છે. જો ઢાળની લંબાઇ વધારવામાં આવે પરંતુ ઊંચાઈ સમાન રહે, તો યાંત્રિક ફાયદા (Mechanical Advantage) પર શું અસર થશે અને કેમ?

Ans
- ✘ A. યાંત્રિક ફાયદો ઘટે છે કારણ કે ઢાળ વધુ તીવ્ર બને છે
- ✘ B. ઢાળ વધુ ટૂંકો હોઈ યાંત્રિક ફાયદો ઘટે છે
- ✔ C. યાંત્રિક ફાયદો વધે છે કારણ કે લગાડવામાં આવેલું બળ વધુ અંતર પર વિતરિત થાય છે
- ✘ D. ઢાળ વધુ ઊંચો હોઈ યાંત્રિક ફાયદો વધે છે

Black Book

Q.67 A, B, C, D, E, F, અને G પૈકી દરેક એક વર્તુળાકાર મેજની ફરતે તેના કેન્દ્ર તરફ મુખ રાખીને બેસે છે. A એ D ની જમણી બાજુએ બીજા સ્થાને બેસે છે. E એ A અને G ની તરત જ બાજુમાં બેસે છે. D એ B અને C ની તરત જ બાજુમાં બેસે છે. જો F એ C ની બરાબર ડાબી બાજુએ બેસે, તો G ની તરત જ ડાબી બાજુ કોણ બેસે છે?

Ans
- ✔ A. E
- ✘ B. F
- ✘ C. B
- ✘ D. C

Q.68 $\frac{(\cot^2 A - \tan^2 A)(\sin^2 A - 1)(\cos^2 A - 1)}{(2\cos^2 A - 1)} + \frac{(1 + \cot^2 A)}{\sin A}$ નું મૂલ્ય શોધો.

Ans
- ✔ A. $1 + \text{cosec}^3 A$
- ✘ B. $1 - \text{cosec}^3 A$
- ✘ C. $\sin^3 A - 1$
- ✘ D. $\sin^3 A + 1$

Q.69 એક પ્રશ્ન પછી (I) અને (II) થી ક્રમાંકિત બે વિધાનો આપવામાં આવ્યા છે. તમારે નક્કી કરવાનું છે કે વિધાનોમાં આપેલી માહિતી એ પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે કે નહીં. બંને વિધાનોને વાંચીને સૌથી યોગ્ય જવાબ પસંદ કરો.
અલગ-અલગ ઊંચાઈ ધરાવતા 5 થાંભલાઓ A, W, V, G અને E પૈકી, કયો થાંભલો સૌથી નીચો છે?
(I) V માત્ર બે જ થાંભલા કરતાં ઊંચો છે. A એ V કરતાં નીચો છે અને W એ A કરતાં નીચો છે.
(II) G એ E કરતાં ઊંચો છે.

Ans
- ✔ A. વિધાન (I) માં આપેલી માહિતી એકલી જ પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે, જ્યારે કે વિધાન (II) માં આપેલી માહિતી પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી નથી.
- ✘ B. વિધાન (I) અને (II) માં આપેલી માહિતીને એકસાથે લેતા તે પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી નથી.
- ✘ C. વિધાન (II) માં આપેલી માહિતી એકલી જ પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે, જ્યારે કે વિધાન (I) માં આપેલી માહિતી પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી નથી.
- ✘ D. વિધાન (I) અને (II) માં આપેલી માહિતીને એકસાથે લેતા (અને વિધાન I અથવા વિધાન II ની માહિતીને એકલી રીતે ધ્યાનમાં ન લેતા) તે પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે.

Q.70 અંગ્રેજી મૂળાક્ષરોના ક્રમના આધારે, નીચેના ચાર અક્ષર-સમૂહોમાંથી ત્રણ અમુક ચોક્કસ રીતે સમાન છે અને આમ તે એક જૂથ બનાવે છે. નીચેનામાંથી કયો અક્ષર-સમૂહ તે જૂથ સાથે સંબંધિત નથી? (નોંધ: અલગ પડતો અક્ષર-સમૂહ વ્યંજનો/સ્વરોની સંખ્યા અથવા અક્ષર-સમૂહમાં તેમના સ્થાન પર આધારિત નથી.)

Ans
- ✘ A. MSWZ
- ✔ B. XDGK
- ✘ C. NTXA
- ✘ D. YEIL

Q.71 નીચે સંખ્યાના બે સમૂહો આપેલા છે, દરેક સમૂહમાં, પ્રથમ સંખ્યા પર ચોક્કસ ગાણિતિક ક્રિયાના પરિણામે બીજી સંખ્યા મળે છે. એજ રીતે બીજી સંખ્યા પર ચોક્કસ ગાણિતિક ક્રિયાના પરિણામે ત્રીજી સંખ્યા મળે છે અને આમ આ ક્રિયા આગળ ચાલુ રહે છે. કયો વિકલ્પ આ સમાન ક્રિયાઓને અનુસરે છે જે પ્રશ્નમાં આપેલા સમૂહ દ્વારા અનુસરવામાં આવી છે?

(નોંધ - બે/ ત્રણ અંકોની સંખ્યાને ક્રિયાઓ કરવા માટે વ્યક્તિગત અંકોમાં જુદી પાડી શકાશે નહીં, ઉદાહરણ તરીકે, જો 37 પછી 10 આવે, તો ક્રિયા 3 + 7 ન હોઈ શકે કારણ કે બે અંકની સંખ્યાને વ્યક્તિગત અંકોમાં જુદી પાડી શકાતી નથી.)

14 - 9 - 1 - 3
7 - 2 - (-6) - (-18)

Ans
- ✘ A. 22 - 18 - 11 - 33
- ✔ B. 9 - 4 - (-4) - (-12)
- ✘ C. 8 - 3 - (-7) - (-14)
- ✘ D. 50 - 44 - 36 - 72

blackbook

Q.72 મગજનો કયો ભાગ મુખ્યત્વે વિચારવા અને નિર્ણય લેવા માટે જવાબદાર છે?

Ans

✗ A. મધ્ય-મગજ (Mid-brain)

✗ B. કરોડરજ્જુ (Spinal cord)

✗ C. પશ્ચ-મગજ (Hind-brain)

✓ D. અગ્ર-મગજ (Fore-brain)

Q.73 A એ ₹1,08,000 નું રોકાણ કરીને એક વ્યવસાય શરૂ કર્યો. 6 મહિના પછી, B એમાં ₹1,44,000 ની મૂડી સાથે તેની સાથે જોડાયો. વર્ષના અંતે, તેઓને ₹82,000 નો નફો થયો. તો B નો નફાનો ભાગ શોધો.

Ans

✓ A. ₹32,800

✗ B. ₹46,000

✗ C. ₹48,000

✗ D. ₹30,000

Q.74 એક વ્યક્તિએ એક ખુરશી ₹350 માં ખરીદી અને તેને 10% ની ખોટ સાથે વેચી. તો તે ખુરશીની વેચાણ કિંમત કેટલી હશે?

Ans

✗ A. ₹310

✗ B. ₹300

✗ C. ₹320

✓ D. ₹315

Q.75 એક પરીક્ષામાં A, B, C, D અને E દરેકે અલગ અલગ ગુણ મેળવ્યા છે. C એ માત્ર 1 વ્યક્તિ કરતાં વધુ ગુણ મેળવ્યા છે. E એ A કરતાં વધુ પરંતુ D કરતાં ઓછા ગુણ મેળવ્યા છે. A એ B કરતાં વધુ ગુણ મેળવ્યા છે. તો સૌથી વધુ ગુણ કોણે મેળવ્યા છે?

Ans

✓ A. D

✗ B. A

✗ C. C

✗ D. E

"

Black book